**મહે. ભાવનગરના એડીશનલ સેસન્સ જજશ્રી અને સ્પેશીયલ જજ (ઈલેકટ્રીસીટી)**
**(કુ. આર.એ. નાગોરી) ની અદાલતમાં,મુ. તળાજા.**

**નિકાલ તા. ૨૪–૦૬–૨૦૨૬**

સ્પે. (ઈલેકટ્રીસીટી) કેસ નં. ૩૭/૨૦૨૪

તહોમત:– ધી ઈલેકટ્રીસીટી એકટની કલમ– ૧૩૫ મુજબના ગુના અંગે...

| | |
|---|---|
| **ફરીયાદી** | **શ્રી સરકાર** |
| **ફરીયાદી તરફે** | **વિ. એ. જી. પી. શ્રી વી. જી. માંડલીયા**<br>**વિ. એ. જી. પી. શ્રી આર. એચ. ખલ્યાણી** |
| **આરોપી** | હસમુખભાઈ ત્રિકમભાઈ રાજયગુરૂ<br>ઉ. આ.વ. ૬૮, ધંધો– ખેતી,<br>રહે. દિહોર, તા. તળાજા, જિ. ભાવનગર. |
| **આરોપી તરફે** | **વિ. વ. શ્રી ડી. ડી. બારૈયા** |

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૭/૦૭/૨૦૧૯ |
| ફરિયાદ દાખલ થયા તારીખ | ૧૭/૦૭/૨૦૧૯ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | ૨૮/૧૧/૨૦૨૪ |
| ચાર્જશીટ સ્પેશીયલ કોર્ટને મોકલ્યાની તારીખ | ૨૮/૧૧/૨૦૨૪ |
| તહોમતનામુ ઘડયા તારીખ | ૦૭/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયા તારીખ | ૩૦/૧૦/૨૦૨૫ |
| જજમેન્ટ જાહેર થયા તારીખ | ૨૪/૦૬/૨૦૨૬ |
| જો સજા કરવામાં આવી હોય તો તેની તારીખ | --- |

## –:: જજમેન્ટ::–

**(૧)** આ કામના આરોપી સામે ધી ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫ મુજબના ગુના અંગેનું તહોમત ફરમાવવામાં આવેલ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે,

તા. ૧૭/૦૭/૨૦૧૯ ના રોજ પી. જી. વી. સી. એલ. ના અધિકારી તથા કર્મચારીઓ તેમની વર્તુળ કચેરીની સુચનાથી સવારે કલાક ૦૮/૧૦ વાગ્યાના અરસામાં દિહોર ગામે આરોપીના ઘરે વીજ ચેકીગ કરતાં, આરોપી પી. જી. વી. એલ. ના ગ્રાહક ન હોવા છતા પોતાના ઘરની નજીક આવેલ પી. જી. વી. સી. એલ. ના પોલ સાથે ૧૨ મીટરનો પીળા કલરનો વાયર ગેરકાયદેસર રીતે તેમના પોતાના ઘરના ઉપકરણો સાથે સીધો જોડી, પોતાના રહેઠાણના મકાનમાં ૦.૬૩૮ વોટનો ગેરકાયદેસર વીજભાર, જોડી, કુલ રૂા. ૯૫૬૪–૮૨ પૈસાની ગેરકાયદેસર રીતે વીજચોરી કરી ગુનો કરેલ હોઈ, આરોપી સામે ફરિયાદીએ ધી ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ગુના સબબ જી. યુ. વી. એન. એલ. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ. ર. નં. ૨૪૭૮/૨૦૧૯ થી ફરિયાદ નોંધાવતા, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં, આરોપી વિરૂધ્ધ તળાજાના મે. એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની અદાલતમાં ધી ઈલેકટ્રીસીટી એકટની કલમ– ૧૩૫ મુજબના ગુના સબબ ચાર્જશીટ રજુ કરતાં તેને ફોજદારી કેસ નં. ૧૭૦૩/૨૦૨૪ થી ફોજદારી કેસ રજીસ્ટરે લઈ, આગળની ન્યાયિક કાર્યવાહી માટે તળાજાના મે. એડીશ્નલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસની અદાલતમાં મોકલવામાં આવેલ, જે કેસ સ્પે. (ઈલેકટ્રીસીટી) અદાલત ધ્વારા ચલાવવા પાત્ર હોઈ, તે અદાલત ધ્વારા સદર કેસ અત્રેની ખાસ અદાલત ખાતે મોકલી આપતાં તેને સ્પે. (ઈલેકટ્રીસીટી) કેસ નં. ૩૭/૨૦૨૪થી રજીસ્ટરે લઈ, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામના આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહીના કામે આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે મળ્યાની ખાત્રી કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ– ૨૦૭ની જોગવાઈઓનું પાલન થયેલ હોવા બદલની ખાત્રી કરી, ચાર્જશીટમાં દર્શાવ્યા મુજબની કલમ અન્વયે ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ–૨૨૮ (૧) (બી) મુજબ આંક–૮ થી આરોપી વિરૂધ્ધ ધી ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનું તહોમતનામું ઘડી, ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ–૨૨૮ (૨) મુજબ તે આરોપીને વાંચી, સંભળાવી, આંક–૯ થી આરોપીનું નિવેદન રેકર્ડ કરતાં, આરોપીએ ગુનો કબુલ ન હોવાનું જણાવી ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી કરવાની માંગણી કરતાં, સદર કેસ ફરિયાદપક્ષના પુરાવા પર મુલતવી રાખવામાં આવેલ.

(૪) ફરિયાદપક્ષના પુરાવા માટે તારીખ નકકી કરવામાં આવતા ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ–૨૩૧ મુજબ ફરિયાદપક્ષ તરફથી આરોપી વિરૂઘ્ધ તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**ફરિયાદપક્ષ તરફે સાક્ષીઓનો મૌખિક પુરાવો:–**

| ક્રમ | નામ | આંક |
|---|---|---|
| ૧. | રાજેશકુમાર રમણભાઈ શેઠ (ફરીયાદી) | ૧૧ |
| ૨. | રાહુલભાઈ ભુપતભાઈ ગોધાણી(સાહેદ) | ૧૬ |
| ૩. | પ્રધ્યુમનસિંહ કનુભા ગોહીલ (પી. એસ. ઓ.) | ૨૨ |
| ૪. | ભરતભાઈ સુરસંગભાઈ રોયલા(તપાસ કરનાર અધિકારી) | ૨૬ |

**ફરિયાદપક્ષ તરફે રજુ દસ્તાવેજી પુરાવો:–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૧૨ |
| ૨. | ગણતરીપત્રક (એનેક્ષર–સી)(અસલ) | ૧૩ |
| ૩. | પુરવણી બીલ (અસલ) | ૧૪ |
| ૪. | ચેકીગ શીટ (અસલ) | ૧૭ |
| ૫. | સ્થળ રોજકામ (અસલ) | ૧૮ |
| ૬. | એનેક્ષર–૪ (અસલ) | ૧૯ |
| ૭. | તપાસ અંગેનો હુકમ | ૨૩ |
| ૮. | એફ.આઈ. આર. ની નકલ | ૨૪ |
| ૯. | જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે. ની તા. ૧૭/૭/૧૯ ની સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ | ૨૫ |
| ૧૦. | સી.આર.પી.સી. કલમ– ૪૧(૧) ની નોટીશ | ૨૭ |

(૫) સદર કામે ફરીયાદપક્ષ તરફે આંક–૨૮ થી કલોઝીંગ પુરશીશ રજુ કરી, તેઓનો પુરાવો પુર્ણ થયેલ હોવાનું જાહેર કરતાં સદર કામ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા પર મુલતવી રાખવામાં આવેલ. ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ– ૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધતા

આરોપીએ સદર કામનો પુરાવો તેઓની હાજરીમાં નોંધવામાં આવેલ હોવાની હકીકત કબુલ રાખી, ફરિયાદપક્ષના કેસની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરી, તેઓએ કોઈપણ ગુનો કરેલ ન હોવાની અને તેઓને ખોટી રીતે ગુનાના કામે સંડોવી દેવામાં આવેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં, તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ–૨૩૩ અન્વયે સાહેદો તપાસવાની તક આપતાં તેઓએ સોગંદ ઉપરની જુબાની આપવા માંગતા ન હોવાનું તેમજ સાહેદો તપાસવા માંગતા ન હોવાનુ વિશેષ નિવેદનમાં જાહેર કરેલ છે. અંતે સદર કામ પક્ષકારોની દલીલ સાંભળવા માટે મુલતવી રાખવામાં આવેલ.

**(૬)** સદર કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રી આર. એચ. ખલ્યાણીની તથા આરોપી તરફે વિ.વ.શ્રી ડી. ડી. બારૈયાની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૬.૧)** ફરિયાદપક્ષ તરફે વિ.વિ.એ.જી.પી.શ્રી આર. એચ. ખલ્યાણીએ મૌખિક રજુઆત કરેલ છે કે સદર કામે ફરિયાદપક્ષે ફરિયાદી રાજેશકુમાર રમણભાઈ શેઠ ના આંક –૧૧, સાહેદ રાહુલભાઈ ભુપતભાઈ ગોધાણીના આંક– ૧૬, પી. એસ. ઓ. પ્રદ્યુમનસિંહ કનુભા ગોહીલના આંક– ૨૨ તથા તપાસ કરનાર અધિકારીશ્રી ભરતભાઈ સુરસંગભાઈ રોયલા ના આંક–૨૬ ના મૌખિક પુરાવાથી તેમજ ગણતરીપત્રક (એનેક્ષર–સી), પુરવણી બીલ, ચેકીંગ શીટ, સ્થળ રોજકામ, એનેક્ષર–૪ વિગેરે દસ્તાવેજી પુરાવા રજુ કરી, આરોપી પી. જી. વી. એલ. ના ગ્રાહક ન હોવા છતા પોતાના ઘરની નજીક આવેલ પી. જી. વી. સી. એલ. ના પોલ સાથે ૧૨ મીટરનો પીળા કલરનો વાયર ગેરકાયદેસર રીતે તેમના પોતાના ઘરના ઉપકરણો સાથે સીધો જોડી, પોતાના રહેઠાણના મકાનમાં ૦.૬૩૮ વોટનો ગેરકાયદેસર વીજભાર, જોડી, કુલ રૂા. ૯૫૬૪–૮૨ પૈસાની ગેરકાયદેસર રીતે વીજચોરી કરી, ફરીયાદ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર કરેલ છે. જેથી, ફરિયાદપક્ષ તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સમગ્ર પણે ધ્યાને લઈ, આરોપીને સજા કરવા અરજ કરેલ છે.

**(૬.૨)** આરોપી તરફે વિ.વિ. શ્રી ડી. ડી. બારૈયાની રજુઆત છે કે આરોપી વિરૂઘ્ધ ખોટી રીતે વીજચોરીની ફરિયાદ કરવામાં આવેલ છે. ચેકીગ અધિકારીને વીજચોરી સંબઘે ચેકીગમાં જવા માટે અધિકૃત કરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ નથી. વળી, સ્થળ ઉપર ચેકીગ કરનાર અધિકારીએ તૈયાર કરેલ ચેકીંગશીટ તેમજ સ્થળ રોજકામમાં આરોપીની કે

કોઈ સ્વતંત્ર સાહેદોની સહી લેવામાં આવી નથી. એટલું જ નહિ, ચેકીગ સ્થળની માલિકી કે કબજો આરોપીનો હોય તેવો કોઈ આધાર ચેકીંગ અધિકારીએ મેળવેલ નથી કે ફરિયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં, ચેકીંગ સ્થળની કોઈ વીડીયોગ્રાફી ચેકીંગ અધિકારી દ્વારા કરવામાં આવેલ નથી. વધુમાં, સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ વાયર ફરિયાદીએ તપાસ કરનાર અધિકારી સમક્ષ રજુ કરેલ નથી કે તપાસ કરનાર અધિકારીએ તેવો વાયર તપાસ દરમિયાન મુદામાલ તરીકે કબજે કરેલ નથી કે તેવો કોઈ મુદામાલ વાયર અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ નથી. વળી, તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમિયાન કોઈ સ્વતત્ર સાહેદોના નિવેદન રેકર્ડ કરેલ નથી. આમ, સદર તમામ હકીકત ધ્યાને લેતાં, આરોપી પી. જી. વી. એલ. ના ગ્રાહક ન હોવા છતા પોતાના ઘરની નજીક આવેલ પી. જી. વી. સી. એલ. ના પોલ સાથે ૧૨ મીટરનો પીળા કલરનો વાયર ગેરકાયદેસર રીતે તેમના પોતાના ઘરના ઉપકરણો સાથે સીધો જોડી, પોતાના રહેઠાણના મકાનમાં ૦.૬૩૮ વોટનો ગેરકાયદેસર વીજભાર, જોડી, કુલ રૂા. ૯૫૬૪–૮૨ પૈસાની ગેરકાયદેસર રીતે વીજચોરી કરી, ફરિયાદ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે. જેથી, સદર તમામ હકીકત ધ્યાને લઈ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**(૭)** સદર કામે ફરિયાદ, રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓ તથા પક્ષકારો તરફે વિધ્વાન વકીલશ્રીઓ દ્વારા કરવામાં આવેલ દલીલો વિગેરે લક્ષમાં લેતાં,આ કેસના આખરી નિરાકરણ માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદાઓ ::–</u>**

મુદા નંબર (૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે તા. ૧૭/૦૭/૨૦૧૯ ના રોજ પી. જી. વી. સી. એલ. ના અધિકારી તથા કર્મચારીઓ તેમની વર્તુળ કચેરીની સુચનાથી સવારે કલાક ૦૮/૧૦ વાગ્યાના અરસામાં દિહોર ગામે આરોપીના ઘરે વીજ ચેકીગ કરતાં, આરોપી પી. જી. વી. એલ. ના ગ્રાહક ન હોવા છતા પોતાના ઘરની નજીક આવેલ પી. જી. વી. સી. એલ. ના પોલ સાથે ૧૨ મીટરનો પીળા કલરનો વાયર ગેરકાયદેસર રીતે તેમના પોતાના ઘરના ઉપકરણો સાથે સીધો જોડી, પોતાના રહેઠાણના મકાનમાં ૦.૬૩૮ વોટનો ગેરકાયદેસર વીજભાર, જોડી, કુલ રૂા. ૯૫૬૪–૮૨ પૈસાની ગેરકાયદેસર

રીતે વીજચોરી કરી, ધી ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

મુદા નંબર (૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓ અન્વયે મારા નિર્ણયો નીચે મુજબ છે :–

મુદા નંબર (૧) નકારમાં

મુદા નંબર (૨) આખરી હુકમ મુજબ.

**–: કેસના ન્યાયિક નિર્ણય માટેના કારણો:–**

**મુદા નંબર–(૧):–**

(૯) ફરિયાદપક્ષના કેસની હકીકત મુજબ આરોપી વિરૂધ્ધ ધી ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. ફરિયાદ પક્ષ તરફે આરોપી વિરૂધ્ધ સદર ગુનો નિ:શંકપણે પુરવાર થાય છે કે કેમ તે માટે ફરિયાદની હકીકત લક્ષમાં લેતાં, ફરિયાદી રાજેશકુમાર રમણભાઈ શેઠ, સાહેદ રાહુલભાઈ ભુપતભાઈ ગોધાણી, પી. એસ. ઓ. પ્રદ્યુમનસિંહ કનુભા ગોહીલ તથા તપાસ કરનાર અધિકારીશ્રી ભરતભાઈ સુરસંગભાઈ રોયલાને ફરિયાદપક્ષના મહત્વના સાહેદ ગણી શકાય. જેથી, ફરિયાદની હકીકત સંદર્ભે ફરિયાદી રાજેશકુમાર રમણભાઈ શેઠ, સાહેદ રાહુલભાઈ ભુપતભાઈ ગોધાણી, પી. એસ. ઓ. પ્રદ્યુમનસિંહ કનુભા ગોહીલ તથા તપાસ કરનાર અધિકારીશ્રી ભરતભાઈ સુરસંગભાઈ રોયલાનો મૌખિક પુરાવો લક્ષમાં લઈ, તેનું ફરિયાદની હકીકત તેમજ રજુ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા જેવા કે ગણતરીપત્રક (એનેક્ષર–સી), પુરવણી બીલ, ચેકીંગ શીટ, સ્થળ રોજકામ, એનેક્ષર–૪ વિગેરે સાથે સમગ્રપણે કાયદાકીય પ્રબંધોને આધીન મુલ્યાંકન કરી, આરોપીએ ફરિયાદ મુજબ વીજચોરીનો ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે કે કેમ તે નિર્ણિત કરવાનું રહે છે.

(૧૦) સદર કામે ફરિયાદી રાજેશકુમાર રમણભાઈ શેઠ ને ફરિયાદપક્ષ તરફે આંક–૧૧ થી તપાસવામાં આવેલ છે. ફરિયાદી રાજેશકુમાર રમણભાઈ શેઠ તેઓના મૌખિક પુરાવા દરમ્યાન તેઓ તા. ૧૭/૦૭/૧૯ ના રોજ ત્રાપજ સબ ડીવીઝનમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે રાહુલભાઈ ભુપતભાઈ ગોધાણી જુ. ઈ. તથા એન. જયેન્દ્રભાઈ મનસુખભાઈ રાજયગુરૂ ઈલે. આસી.

નાઓ દિહોર ગામે વીજચેકીગમાં ગયેલ હોવાની, ત્યાં હસમુખભાઈ ત્રીકમભાઈ રાજયગુરૂના રહેણાંકી મકાને વીજચેકીંગ માટે ગયેલા ત્યારે પી. જી. વી. સી. એલ. ની એલ. ટી. લાઈનમાંથી ડાયરેકટ લંગર નાખી, વીજ ચોરી કરતા જણાઈ આવેલ હોવાની, ચેકીગ અધિકારીએ વીજ જોડાણ કાપી સ્થળ ઉપર ચેકીગ શીટ, રોજકામ તથા એનેક્ષર–૪ તૈયાર કરી તેઓને સોંપેલ હોવાની, તેઓએ સદર કામની ફરીયાદ આપેલ હોવાની હકીકત જણાવે છે.

**(૧૦.૧)** ફરિયાદી રાજેશકુમાર રમણભાઈ શેઠની બચાવપક્ષ તરફે વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. સદર ઉલટતપાસ દરમિયાન ફરિયાદીએ તેઓને ફરીયાદ દાખલ કરવા પી. જી. વી. સી. એલ. ધ્વારા અધિકૃત કરેલ હોય તેવો લેખિત આધાર રજુ રાખેલ ન હોવાની, તેઓ ચેકીગમાં ગયેલ ન હોવાની, ચેકીગ કેવી રીતે થયેલ તેનો ખ્યાલ તેમને ન હોવાની, ચેકીગવાળી જગ્યા આરોપીની માલીકીની હોય તેવા કોઈ આધાર રજુ રાખેલ ન હોવાની, ફરીયાદ દાખલ કરતા સમયે તેઓએ કોઈ મુદામાલ પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલ ન હોવાની, બનાવ અંગે કોઈ જાત માહીતી ન હોવાની, ચેકીગ અધિકારી ધ્વારા આપેલ ચેકીગશીટ, રોજકામ તથા એનેક્ષર–૪ ના આધારે ફરીયાદ દાખલ કરેલ હોવાની તેમજ સ્થળ પર ચેકીગ અંગેની વિડીયોગ્રાફી, ફોટોગ્રાફીના આધાર રજુ રાખેલ ન હોવાની હકીકતો સ્પષ્ટપણે સ્વીકારેલ છે.

**(૧૧)** સદર કામે સાહેદ રાહુલભાઈ ભુપતભાઈ ગોધાણીને ફરિયાદપક્ષ તરફે આંક–૧૬ થી તપાસવામાં આવેલ છે. સાહેદ રાહુલભાઈ ભુપતભાઈ ગોધાણી તેઓના મૌખિક પુરાવા દરમ્યાન તેઓ તા. ૧૭/૦૭/૧૮ ના રોજ તેઓ જુ. ઈ. તરીકે ખારગેટ સબ ડિવિઝન, ભાવનગરમાં ફરજ બજાવતા હતા ત્યારે ભાવનગર સીટી ડીવીઝનની સુચનાથી તેઓ તથા શ્રી જે. એમ. રાજયગુરૂ લાઈનમેઈન, કે. એલ. ડામોર ઈલે. આસી. વીજ ચેકીગ માટે દિહોર ગામે ગયેલ હોવાની, ત્યાં હસમુખભાઈ ત્રીકમભાઈ રાજયગુરૂના મકાનમાં ચકાસણી કરતા પી. જી. વી. એલ. કંપનીના હળવા દબાણવાળી લાઈનના વીજ પોલ સાથે પીળા કલરના ટવીન વાયર ધ્વારા ડાયરેકટ જોડાણ કરી, વીજ વપરાશ કરતાં હોવાની, તેઓએ સ્થળ ઉપર ગેર કાયદેસર વીજ જોડાણ કાપી સ્થળ ઉપર ચેકીગ શીટ, રોજકામ તથા એનેક્ષર–૪ તૈયાર કરેલ હોવાની હકીકતો જણાવે છે.

**(૧૧.૧)** સાહેદ રાહુલભાઈ ભુપતભાઈ ગોધાણી ની બચાવપક્ષ તરફે વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. સદર ઉલટતપાસ દરમિયાન સાહેદે તેઓએ ચેકીગ સ્થળ આરોપીની માલીકીની હોચ તેવો કોઈ આધાર કબજે કરેલ ન હોવાની, તેઓને ચેકીગમાં જવા માટે અધિકૃત કરવામાં આવેલ હોચ તેવો કોઈ પુરાવો રજુ રાખેલ ન હોવાની, કબજે કરેલ મુદામાલ પોલીસને સોંપેલ ન હોવાની, ચેકીગ સ્થળ પર વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલ ન હોવાની, ચેકીગ શીટ તથા સ્થળ રોજકામમાં ચેકીગ વાળી જગ્યાની ચતુ:દિશા જણાવેલ ન હોવાની, ચેકીગ સમયે આરોપી હાજર ન હોવાની, ચેકીગની કાર્યવાહી સ્વતંત્ર સાહેદોની હાજરીમાં કરેલ ન હોવાની, ચેકીગ શીટ, સ્થળ રોજકામ તથા એનેક્ષર-૪ સ્વતંત્ર પંચ સાહેદોની સહીઓ ન હોવાની તથા તેઓનું નિવેદન ચેકીગ સમયના પાંચ વર્ષ બાદ લીધેલ હોવાની હકીકતો સ્પષ્ટપણે સ્વીકારેલ છે.

**(૧૨)** સદર કામે પી.એસ. ઓ. પ્રધ્યુમનસિંહ કનુભા ગોહીલને ફરિયાદક્ષ તરફે આંક-૨૨ થી તપાસવામાં આવેલ છે. પી.એસ. ઓ. પ્રધ્યુમનસિંહ કનુભા ગોહીલ તેઓના મૌખિક પુરાવા દરમ્યાન તેઓને ફરીયાદીની ફરીયાદ મળતા તેઓએ ગુનો નોંધેલ હોવાની હકીકત જણાવે છે.

**(૧૨.૧)** પી.એસ. ઓ. પ્રધ્યુમનસિંહ કનુભા ગોહીલ ની બચાવપક્ષ તરફે વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. સદર ઉલટતપાસ દરમિયાન તેઓએ ફરીયાદના આધારે ગુનો દાખલ કરેલ તે સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ ન હોવાની હકીકતો સ્પષ્ટપણે સ્વીકારેલ છે.

**(૧૩)** સદર કામે તપાસ કરનાર અધિકારી ભરતભાઈ સુરસંગભાઈ રોયલાને ફરિયાદક્ષ તરફે આંક-૨૬ થી તપાસવામાં આવેલ છે. તપાસ કરનાર અધિકારી ભરતભાઈ સુરસંગભાઈ રોયલા તેઓના મૌખિક પુરવા દરમ્યાન તા. ૧૭/૭/૧૯ ના રોજ તેઓ જી. યુ. વી. એન. એલ. પો. સ્ટે. માં હે. કો. ના ચાર્જમાં ફરજ પર હતા ત્યારે પ્રધ્યુમનસિંહ કનુભા ગોહીલ ધ્વારા સદર ગુનાની તપાસ તેઓને સોંપતા, સદર ગુનાની તપાસ તેઓએ સંભાળી લઈ, તપાસના કામે જી. ઈ. બી. ના કર્મચારી તથા અધિકારીઓના નિવેદનો લઈ, આરોપીને સી. આર.પી.સી.ની કલમ-૪૧ (૧) મુજબની નોટિશ આપી, આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોવા અંગેના પુરતા પુરાવા હોઈ, ચાર્જશીટ કરેલ હોવાની હકીકત જણાવે છે.

**(૧૩.૧)** તપાસ કરનાર અધિકારી ભરતભાઈ સુરસંગભાઈ રોયલા ની બચાવપક્ષ તરફે વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. સદર ઉલટતપાસ દરમિયાન તેઓએ ચેકીગ અધિકારીને ચેકીગ માટે અધિકાર આપવામાં આવેલ હોય તેવો કોઈ લેખિત પુરાવો તપાસના કામે મેળવેલ ન હોવાની, આરોપીની માલિકી સંબંધિત કોઈ આધાર પુરાવો ફરીયાદ સાથે રજુ થયેલ ન હોવાની કે તેઓએ તપાસ દરમિયાન મેળવેલ ન હોવાની, તપાસના કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ ન હોવાની, ચેકીગ સ્થળે કોઈ વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલ હોય તેવી હકીકત તપાસમાં ખુલવા પામેલ ન હોવાની, તપાસના કામે તેઓએ કોઈ મુદામાલ કબજે કરેલ ન હોવાની, ચેકીગશીટ, રોજકામ તથા એનેક્ષર–જ માં આરોપીની કે સ્વતંત્ર સાહેદોની સહી ન હોવાની, ચેકીગ સ્થળનુ પંચનામુ કરેલ ન હોવાની તેમજ સાહેદોના નિવેદન પાંચ વર્ષ બાદ લીધેલ હોવાની હકીકતો સ્પષ્ટપણે સ્વીકારેલ છે.

**(૧૪)** આમ, ફરિયાદી રાજેશકુમાર રમણભાઈ શેઠ, ચેકીગ અધિકારી રાહુલભાઈ ભુપતભાઈ ગોધાણી, પી.એસ. ઓ. પ્રદ્યુમનસિંહ કનુભા ગોહીલ તથા તપાસ કરનાર અધિકારીશ્રી ભરતભાઈ સુરસંગભાઈ રોયલાના ઉપરોકત મૌખિક પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરતાં ફરીયાદી રાજેશકુમાર રમણભાઈ શેઠ ચેકીંગમાં ગયેલ ન હોવાનું ફલીત થાય છે. વધુમાં સાહેદ રાહુલભાઈ ભુપતભાઈ ગોધાણી કે જેઓ ચેકીંગ અધિકારી છે તેઓનો પુરાવો ધ્યાને લેતાં તેઓને વીજચેકીંગમાં જવા માટે તેઓના ઉપરી અધિકારી તરફથી અધિકૃત કરવામાં આવેલ હોય તેવું ફલિત થતું નથી. વીજ અધિનિયમ, ૨૦૦૩ ની કલમ– ૧૩૫ના પ્રબંધને લક્ષમાં લેતાં, જયારે કોઈપણ જગ્યાએ વીજચેકીંગમાં જવું હોય ત્યારે આ સંબધે રાજય સરકાર ધ્વારા અધિકૃત કરવામાં આવેલ પરવાનેદાર અગર તો વિતરકના કોઈ અધિકારીએ જવું પડે. સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો લક્ષમાં લેતાં, સાહેદ રાહુલભાઈ ભુપતભાઈ ગોધાણી પી.જી.વી.સી.એલ. માં ફરજ બજાવતાં હોવાનું જણાઈ આવે છે, પરંતુ તેઓને વીજચોરી સંબધે ચેકીંગમાં જવા માટે અધિકૃત કરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો તેઓ તરફે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આ તબકકે સાહેદ રાહુલભાઈ ભુપતભાઈ ગોધાણી ને ચેકીંગ અધિકારી તરીકે વીજચોરી સંબંધે ચેકીગમાં જવા માટે અધિકૃત કરવામાં આવેલ હોય તેવું માની લેવામાં આવે તો પણ તેઓએ ઉલટતપાસ દરમિયાન સ્વીકારેલ છે તે મુજબ તેઓએ ચેકીગસ્થળની માલિકી અંગેનો કોઈ પુરાવો મેળવેલ ન હોઈ તેમજ ચેકીગ સ્થળની કોઈ ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી કરેલ ન હોઈ, ચેકીંગ સ્થળની માલિકી આરોપીની હોવાની કે આરોપી ચેકીંગ સ્થળના કબજેદાર હોવાની હકીકત ફરિયાદપક્ષ તર્ફે

નિ:શંકપણે પુરવાર થતું હોવાનું માની શકાય તેમ નથી. વધુમાં સ્થળ ઉપરથી કબજે કરેલ મુદામાલ તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમિયાન કબજે કરેલ ન હોવાની હકીકત તપાસ કરનાર અધિકારીના મૌખિક પુરાવાથી સ્પષ્ટપણે ફલિત થાય છે. જેથી, સદર કામે ફરિયાદપક્ષનો ઉપરોકત પુરાવો સમગ્ર પણે લક્ષમાં લઈ તેનું મૂલ્યાંકન કરતાં ફરિયાદ મુજબના સ્થળે બનાવ સમયે પી.જી.વી.સી.એલ.ના અધિકારીએ વીજચેકીંગ કરેલ તે ચેકીંગસ્થળ આરોપીની માલિકી કે કબજા ભોગવટાનું હોવાની હકીકત અંગે ફરિયાદપક્ષ તરફે કોઈપણ પ્રકારનો પુરાવો રજૂ થયેલ ન હોઈ, આરોપીએ તા. ૧૭/૦૭/૨૦૧૯ ના રોજ પી. જી. વી. સી. એલ. ના અધિકારી તથા કર્મચારીઓ તેમની વર્તુળ કચેરીની સુચનાથી સવારે કલાક ૦૮/૧૦ વાગ્યાના અરસામાં દિહોર ગામે આરોપીના ઘરે વીજ ચેકીગ કરતાં, આરોપી પી. જી. વી. એલ. ના ગ્રાહક ન હોવા છતા પોતાના ઘરની નજીક આવેલ પી. જી. વી. સી. એલ. ના પોલ સાથે ૧૨ મીટરનો પીળા કલરનો વાયર ગેરકાયદેસર રીતે તેમના પોતાના ઘરના ઉપકરણો સાથે સીધો જોડી, પોતાના રહેઠાણના મકાનમાં ૦.૬૩૮ વોટનો ગેરકાયદેસર વીજભાર, જોડી, કુલ રૂા. ૯૫૬૪–૮૨ પૈસાની ગેરકાયદેસર રીતે વીજચોરી કરી, ફરીયાદ મુજબ ધી ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ તરફે નિ:શંકપણે પુરવાર થતી હોવાનું માની શકાય તેમ નથી. ફોજદારી કાયદાના સિધ્ધાંત મુજબ, આરોપી વિરૂધ્ધનો ગુનો ફરિયાદપક્ષે પુરાવો રજુ કરીને નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે. જો ફરિયાદપક્ષના કેસ અંગે સહેજ પણ શંકા ઉભી થતી હોય તો તેવી શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર રહે છે. જેથી, સદર સમગ્ર ચર્ચા કર્યા મુજબના કારણોને ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ ફરિયાદ મુજબ ધી ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, હું મુદા નંબર (૧) નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદા નં.(૨) અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>–: આખરી હુકમ:–</u>**

(૧) આ કામના આરોપી હસમુખભાઈ ત્રિકમભાઈ રાજયગુરૂ, રહે. દિહોર, તા. તળાજા, જિ. ભાવનગરનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૩૫(૧) અન્વયે જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૨૪૭૮/૨૦૧૯ ધી ઈલેકટ્રીસીટી એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના આરોપીને આદેશ કરવામાં આવે છે કે તેઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ– ૪૩૭(એ) મુજબ હુકમની તારીખથી છ માસની મર્યાદા માટે રૂા. ૧૦,૦૦૦/– ( અંકે રૂપિયા દસ હજાર પુરા)ના સઘ્ધર જામીનસહિતના જાતમુચરકા આપવા.

આ હુકમ આજરોજ તારીખ–૨૪ મી, માહે–જુન, સને–૨૦૨૬નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૨૪/૦૬/૨૦૨૬
તળાજા.

(આર. એ. નાગોરી)
એડીશનલ સેસન્સ જજ
તથા સ્પેશીયલ જજ (ઈલે.),
ભાવનગર, મુ. તળાજા
(જીજે૦૦૫૭૮)